શ્રી પરમાત્મને નમઃ

ચોવિસે તિર્થંકરોના સ્તવનો ઇત્યાદી
નો સમાવેશ કરેલી

શ્રી જૈન સંગીત સ્તવ
નાવળી

રચનાર
કાળીદાસ મગનલાલ

છપાવી પ્રસિદ્ધ કરનાર.
શ્રી જૈન સંગીત મંડળી

ગીતિ

તરૂ પર્ણોથી શોભે, આભ સુશોભિત તારા મંડળથી
ત્યમ આશ્ચર્યજ શોભે, ચોવીસે તિર્થંકર નામ થકી

"રાઇઝીંગ સ્ટાર" પ્રીન્ટીંગ પ્રેસમાં ગંગારામ
આત્મારામ પંડીતે છાપી.
૧૮૯૬.
કીમત ૦॥ આનો.

૬૨૯૮

શ્રી પરમાત્મને નમઃ

શ્રી જૈન સંગીત સ્તવનાવળી પ્રારંભઃ

મનોપદેશ

ભક્તિ વીના મુક્તી નથી, સુણ મનવા તું મારા,
જન્મથી મર્ણ સુધી મથી, શોધ્યા પુન્ય બારા -ટેક૦
જન્મી આ સંસારમાં, મિથ્યા દેહ ગુમાવી,
જોયું ન સત્યા સત્યજો, નર્ક કાયા ભમાવી -ભક્તિ૦
છોડી લેહ સંસારની, તન જીનમાં પરોવો,
તો ભવજળને કાપશુ, લેશું નાથ સુ લાવો -ભક્તિ૦
ચેતી ચિત્ત સુ જન સૌ, શ્રી જીનરાજ ગાવો,
સંગીત મંડળ સૌ ભવે, સત્ય નાવ તરાવો-ભક્તિ૦

ધર્મ શિક્ષા

રાગ-કરે નીચ તણો સંગ-એ રાહ.

ભણે મંત્ર નવકાર, રાખે ધર્મના આચાર,
પળે વીધિ નીતિવાર, જન્મ તે સફળ થશે.
કરે નિત્ય ક્રિયા આપ, ધારી ધર્મ શુભઆપ.
ટાળી સર્વ ભવો પાપ, મુક્તિ માર્ગ પામશે.

પુજા ઉત્સવો અનેક, વ્રત્ત, જાપ, ધારી ટેક,
રાખી નીશદીન એપ, કરે પુન્ય વાધશે.
પ્રભુ ગુણ સુખકાર, ગાય સુણે નરનાર,
પામે ભવનો આધાર, ધર્મ પંથ સાધશે.

ચોવિસે જીનરાજની સ્તુતિ.

રાગ— અમન ચમન નમન નમન-એરાહ.

નમન નમન નમન ચોવીસે જીનેશ્વરા નમન,
રિખભદેવ, અજીતનાથ, સંભવનાથને નમન ટેક
અભિનંદન, સુમતી, પદ્મ. પૃથ્વિ તનુને નમન,
ચંદ્ર પ્રભુ. સુવિધિનાથ, શીતળનાથને નમન-નમન.
વિષ્નુ તનુ શ્રેયાંસનાથ, વાસુ પુજ્યને નમન,
વીમળનાથ, અનંતનાથ, ધર્મનાથને નમન-નમન.
કુંથુ, અર, મલ્લીનાથ, મુનિસુવૃત્તને નમન,
નેમી, નેમ પાર્શ્વનાથ, માહાવીર જીનને નમન-નમન.

---

૧. શ્રી રિખભદેવ.

રાગ-બનજારો.

શ્રી આદીનાથ બીરાજે, ધન્ય દર્શન પામ્યા આજે,
માતા મરૂદેવીના જાયા, નાભીરાજ તણે કુળ આવ્યા,

નયને નીરખી મન રાચે-ધન્ય. શ્રી.
પ્રભુ પ્રથમ જીણંદ કેવાયા, શુભ રૂષભ લંછન પાયા,
સંગિત મંડળ ગુણ ગાયે-ધન્ય-શ્રી.

---

૨. શ્રી અજિતનાથ.

રાગ- આશાગોડી.

માગું સદા સહાય તારી, અજિતજીન, માગુ. ટેક.
કૃપા કરીને દાસ જનોને, ઓથે રાખો તમારી-અજિત.
ભૂલ ચુકોની માફી દઈને, પાર પ્રભુ દો ઉતારી-અજિત.
કરજોડીને, સંગિત મંડળી, ગાવે તમોને વારી-અજિત.

---

૩ શ્રી સંભવનાથ.

રાગ- ભુલોના ભક્તોને ભાળી-એ રાહ.

પ્રભુજી સંભવ સુખકારી (૨)
ડુબાતા આ સેવક જનને પારકરો તારી -ટેક૦
ભમ્યો હું બહુ બહુ ભવમાંયે (૨)
લાચારી ધારીને બેઠો જંપ નહી ક્યાંયે -પ્રભુજી૦
એક તમ આશ્રયને લેવા (૨)
આવ્યો તમારી પાસે ધાનો, મહેર કરે દેવા-પ્રભુજી૦
મંડળી સંગિત સુખકારી (૨)

શિવસુખ માગે સંપુર હાથે દિયો કૃપાધારી-પ્રભુજીને

---

૪. શ્રી અભીનંદન સ્વામી.

રાગ-કાળી ઘટાકોયલ બનછાઇ એ રાહ ઉપર

જય પ્રભુ, અભિનંદન સ્વામી, ખ્યાતિ તમ જગમાં જામી,
કાને કુંડળ શુભ છાજે, હીરા ચળકે છે તાજે,
નીરખીને સૌ જંત રાચે, નોબતના ડંકાવાજે,
જેમ આભ વિષે સૌ તારા, ત્યમ દીપકના ચમકારા,
સજિયાં બહુ ભૂષણ ન્યારાં, થઇ થઇ, ખુશી થઇ થઇ,
દરીશન લઇ, રહીના ખામી-ખ્યાતિ૦-જય૦
બાજુબંધ કર ધરિયાં, હારે હીરા શુભ જડિયાં,
મેખળો કટીએ શોભે, દરશન લેવા મન લોભે,
સહુ આંગી જોવા થોભે, હળીમળી, સંગિત મંડળી.
પીડ સૌ ટળી, ગાય શિર નામી-ખ્યાતિ૦ જય૦

---

૫. શ્રીસુમતિનાથ.

રાગ કલ્યાણ.

જય શ્રી સુમતિનાથ, વંદું શરવે સાથ,
ધર્મ કૃત્ય, સત્ય વૃત્ત,, સ્થાપો નીત્ય નાથ-ટેક.
સાચી પ્રીતિ પ્રભુ તમારી, જુઠો આ સંસાર,

એક ચીત્તથી સ્મરણ તમારૂ, કરીયે વાર'વાર–જય,
તમ દર્શન લેવાને તલપે, જીવ હમારો આજ.
ભૂલ, ચૂક સરવે નીવારી, સફળ કરો હમકાજ.
પુરણ પ્રેમથી, સ્વિકારી વીનતી,
સંગીત મંડળી સ્તવે જુઓ રહેમથી.

૬.શ્રી પદ્મનાથ.

રાગ–પીલુ દીપચંદી.

પદ્મ પ્રભુ જીનરાજ તમારી, મનહર મુરતી લાગેછે પ્યારી.
શ્રી ધર કુળમાં આવ્યા જીનજી, સુસિલા માત પ્રભુજી તમારી;
—પદ્મ૦
લંછન રાતું કમળ તમ સ્હોયે, ઉજ્વળ વાણી વિશેષ તમારી
—પદ્મ૦
કાર્તિક વદ બારસ પ્રભુ જાણું, જન્મતિથી એ જીવ મનોહારી
—પદ્મ૦
કેસર ચંદન મૃગ મદ ઘોળી, છાબ ભરી વળી ફૂલથી સારી.
—પદ્મ૦
પુજા કરૂં પ્રભુ વિધ વિધ રંગે, હર્ષ અતીશે મુજ મન ધારી
—પદ્મ.
કરજોડી જૈન સંગિત મંડળી, સ્તુતી કરેછે પ્રભુજી તમારી પદ્મ,

૭. શ્રી સુપાર્શ્વનાથ.

રાગ- દીલદારી લાગી દીલ- એ રાહ.

મોહ, લોભ, કામ ક્રોધ, શ્રી સુપાર્શ્વ મેં તજ્યા-ટેક૦
એક જીનરાજ નામ. રટું મુખ આઠ જામ,
અવર નહી એક ધ્યાન, ધર્મ ભૂષણો સજ્યાં-મોહ૦
નર્ક કુંડથી ઉગારો, સકળ પાપને વિદારો,
સંગીત મંડળીજ તરો, પ્રેમથી તમો ભજ્યા-મોહ૦

---

૮ શ્રી ચંદ્ર પ્રભુ.

રાગ-નાથ કૈસે ગજકો-એ રાહ.

આજ શરણ તમ આવ્યો, ચંદ્રપ્રભુ, આજ૦
દર્શનનો ભાવ ભાવ્યો, ચંદ્રપ્રભુ, આજ૦
માયા કુંડ મહીં બુડયો છું, આરોન એકે ફાવ્યો,
ત્રિતાપ કેરા પરિસહ સહતાં, કાળ અનર્થે ગુમાવ્યો-ચંદ્ર
તુજ પદપંકજ પર શિર નામું, અવસર દો પ્રભુ આવો,
સંગિત મંડળીતમ ગુણ ગાતાં, લીયે અનુપમ લાવા-ચદ્ર૦

---

૯. શ્રી સુવીધીનાથ.

રાગ--દેશ

પ્રભુ સુવીધી નાથરે, આવ્યા શરણે તમારે,

લગની લાગી પ્રભુ તમોથી, હેતે ઝાઝા હાથરે-આવ્યા.
આઠ ત્રણ અંગે પુજા કરૂં હું, રહી સદા તમ સાથરે
મ્હેર કરીને દર્શન દીજે, ઉગમતે પ્રભાતરે- આવ્યા૦
સંગીત મંડળી સૌ કરજોડી, નૃત્ય કરે તમ પાડરે-
આવ્યા૦

---

૧૦ શ્રી શીતળ નાથ

રાગ-માઢ.

પ્રભુ શીતળ તારી, કીર્તી ભારી, જગદિપે જીનરાજ
જોઈ કુરત પ્યારી, જાઉં હું વારી, કીર્તી ભારી-જગ૦પ્રભુ૦
કેસર ચંદન ફુલની માળા, કસ્તુરી બરાસ,
નિત્ય ઉઠીને પુજા કરૂં હું, આપો મુક્તિદાસ,
સભા સંગીત તારી, પાર ઉતારી, કીર્તી ભારી જગ-પ્રભુ૦

---

૧૧ શ્રી શ્રેયાંસનાથ.

રાગ- ખતેયો નમીતુને- એ રાહ

શીશ નામીને તુને શ્રેયાંસ નમિએ
ભવહર, પરહર, સુખકર. દુખહર, સ્હાય, સ્હાય, થાય,
ચ, થાય, શીશ૦
અકળ તમારી ગતી, કળી શકીયે નરતી,

નિવારીને ચાર ગતી, તારો શ્રીશ્રેયાંસ પતી,
મંદ છે હમારી મતી, ભરી છે તમારી કૃતી,
જુવો સેવકોની પ્રતી, પુગ કૃપા દ્રષ્ટિરતી,
કાપો, પાપો, તાપો. આપો,
અમને, મુક્તિ. દાન. આપો,
ધર્મ શુદ્ધ સર્વે સ્થાપો
જપે તમ નામ જાપો
સ્હાય સ્હાય થાય થાય.

---

૧૨. શ્રીવાસુ પુજ્ય.

વાસુ પુજ્ય તમ આવ્યા શરણમાં,
એલી હમારો વિશ્વ લાગતું, શિશ નમાવું તુજ ચરણમાં-વાસુ.
તુમ દર્શનની દઇ પ્રસાદી પતિત પાવન કરો તરણમાં-વાસુ.
સમાજ સંગિત વીનવે સંગે, રહ્યાં છીએ પ્રભુ તુજ શરણમાં-વા.

---

૧૩. શ્રી વિમળનાથ.

રાગ-નીસાર તોરે નયરે-એ રાહ.

વિમળ તારે ચરણે, શિશ નમાવું આભાર,
સેવક જનને આશ્રય તારો, તું પ્રભુ તારણ હાર-વિમળ.
ત્રેવીસમા જીનરાજ થયા છો, બતાવો મુકિતનો દ્વાર-વિમળ.

કેશર ચંદન ફુલ ધુપાદી, સુવાસ આપે અપાર-વિમળ.
સમાજ સંગિત મુખ તમારૂ, જોઇને હર્ષે અપાર-વિમળ.

---

૧૪ શ્રી અનંતનાથ.

રાગ-ઇંગ્લીશ ટયુન.

અનંત નાથરે, કષ્ટ કાપરે. (૨)
એક શરણ કરીને ગ્રહુણ ચરણ નામું આપ,
કો પો પા પો, રાખું એક જાપ-અનંત.
જય શ્રી અજર અમરનાથ બાંહ્ય ગૃહી આજ,
તા રો સ્વામી, ટાળીને ત્રિતાપ-અનંત
જોડી હાથ સરવે સાથ, માગે જીનરાજ,
પ્રી તે ચો તે, વિનવી આ સમાજ-અનંત.

૧૫ શ્રી ધર્મનાથ

રાગ-મેવાડા

પ્રભુ ધર્મ જીનેશ્વર રાજરે, કોઇ લાગું તમને પાય.
સંગ મળીને સેવવા આવે, અંગ ધરી ઉમંગ,
મુક્તિ તણો પ્રભુ માર્ગ બતાવો, જામે પુરો રંગ-પ્રભુ
પ્રભુજી પ્રભુજી નામજ લેતાં, પાપ સહુ પલાય,
દર્શન દે પ્રભુ લાંરો હોજે, પાવન થાયે કાય -પ્રભુ
તમ ગુણ ગણતાં થાકિયાં, ઝાઝા મુની અપાર,

સંગિત મંડળી કોણ માત્રએ, પામે પાર લગાર-પ્રભુ

---

૧૬ શાંતિનાથ

રાગ-પીલુ, દીપચંદી.

શાન્તિનાથ દયા દિલ ધરો,
સેવકને ભવપાર ઉતારો-ટેક
ભવ ભય ભંજક, શિવપુર ગામી,
જન્મ મરણ ભય દુઃખ નિવારો-શાંન્તિ૦
શર્ણ તમારે સેવક આવ્યો,
ચાર ગતી મુજ નાથ નિવારો- શાન્તિ૦
દુર કરો કુગતિ હમારી
અવિચલ દો પ્રભુ શિવ વાસ સારો-શાન્તિ૦
ચરણ કમળ વંદે શિરનામી,
મંડળીકેરી અરજ ઉરધારો-શાન્તિ૦

---

૧૭. શ્રી કુંથુનાથ.

રાગ-કેરબો.

આવ્યો કુંથુ પ્રભુ શરણે તારે (૨)
જીવાયોની બહુ બહુ ભમતાં, આવ્યો નવ કાંઈ પાર

ભરતક્ષેત્રમાં આવી જોડયો તમ સંગાથે પ્યાર- આવ્યો!
સત્તરમા જીનરાજ ઉપન્યા, સુરરાજાને કુળ
શ્રી માતા સોહાય તમારી, આભારો છ અતુલ-આવ્યો,
ભૂલ ચુક સૌ માફકરીને, આપો મુકતી દાન,
કરજોડી જૈન સંગિત મંડળી, આજ કરે પ્રણામ-આવ્યો

---

૧૮ શ્રી અરનાથ.

ગજલ-સુનો તુમ યાર-એરાહુ

પ્રભુ અરનાથ હું આવ્યો, દિયો સુબોધ મન ભાવ્યો;
કર્યાં કર્મો બહુ ભૂંગ, કર્યા શત્રુ તણા સૂગ,
દગે ફટકે નહી ફાવ્યો-દિયો પ્રભુ
સકળ સંસાર વિષ વેલી, રહી માયા બધે ફેલી,
ગૃહને હાથ ઊગારો-દિયો
ષડ દર્શન ગણી બાળો, કૃપા દ્રષ્ટિ કરી ભાળો,
અનંત પાર ના આવ્યો દિયો.
ઢંઢને તાલ ગુણ ગાવે, સુ સંગિત મંડળી ભાવે,
ભિખારી અર્જ દો સાંભળો.-દિયો૦

---

૧૯ શ્રી મલ્લીનાથ.

રાગ-અરે હાંરે-એરાક.

થયા છોરે ઓગણિસમાં પ્રભુજી મલ્લિનાથ મહારાજ,
મલ્લિનાથ મહારાજ પ્રભુજી મલ્લિનાથ મહારાજ,
જયવંતા, ભગવંતા, સુખકંદા, અતિ આનંદ મુજ
મન ઉભરાયે વદન જોઈ જીનરાજ-થયા.
ભોયણપુરમાં પ્રભુ પધાર્યા વાગ્યા અતીશે રંગ,
સહુ ભાવે, સંગ આવે, ગુણ ગાવે, બહુ જાત્રા
કરવા આવે લોકો સર્વે મળીને સંઘ-થયા.
સંગિત મંડળી આજ મળીને, ગાવે ગુણો સાર,
પ્રભુ તારો ભવ તારો, ઊગારો, કરજોડીને કહીએ
આજે વંદી વારંવાર-થયા૦

---

૨૦ મુનિસુવ્રત.

રાગ-ઇંગ્લીશ ટયુન.

આલો દેવ દેરે આજ, દર્શ કરવાને કાજ
શ્રી મુનીસુવ્રત્તરાજ, દિપે આંગી હેમ તાજ-ટેક૦
બાજુબંધ બેરખાંજ, શોભતો સમસ્ત સાજ
ચિત્ત રાખી જીનમાંજ, ગુણ ગાયે આ સમાજ-ચાલો,

---

૨૧ શ્રી નેમીનાથ.

રાગ ધનાશ્રી.

નેમી નમુ જીનરાજ, સદાયે, નેમી નમું જીનરાજ,
ગુણિજન સરવે તવન કરેછે, ઉતારો ભવ પાર-સદાયે૦
તમ દર્શન વિણ ચેન પડેના, અર્જ કરો સ્વિકાર-સદાયે૦
કરજોડી જૈન સંગિત મંડળી, વીનવે વારંવાર-સદાયે૦

---

૨૨ શ્રી નેમનાથ

રાગ ભરથરીનો

જન્મ વૃથા મારો જશે, થઇને આશ ભંગજી,
જો મુકશો વીલી તમે, રાખી ચીત્ત કઠંગજી
તમ વિણ હું રે અભાગિણી.
રોતી મુકી તમે નારને, તજીને સહુ પ્યારજી,
એવું ઘટે નહીં વાલમા, રહોં સૂજે સંસારજી. તમ૦
જાન તણું દળ આવિયું, વાગ્યા નોબત ઘોષ જી,
પરણ્યા વિનારે પાછા વળ્યા, રહી મુજ મન શોષજી.ત
કોપ્યા પશુ મુજ ઉપરે, કીધો તેણે વિલાપજી,
શ્રવણ કરી ઉપજયો હશે, મન વૈરાગ્ય આપજી. ત
આઠ ભવની નારીહુ તમ તણી, નવમે નવ મુકો પ્યારજી
એવુ કરો નહીં કંથજી મારા પ્રાણ આધારજી. તમ૦

નેમજીએ નહીં માનિયું, ગયા આપને દ્વારજી,
સંજમ લેવાને કારણે, ગયા ગઢ ગિરનારજી. નેમ૦
નેમ રાજુલ મેક્ષ ગયા
રોતીરે રાજુલ નીકળી, આવી નેમજીની પાસજી,
નેમ પાસે દીક્ષા લઇ, પામી કેવળ જ્ઞાનજી નેમ૦
નેમ રાજુલ મોક્ષે ગયા, પોંચી બેઉની આશજી,
જન્મ મરણને નીવારીને, કીધો મોક્ષમાં વાસજી. નેમ૦

૬૨ નેમનાથ.

રાગ—કંથ બીન રહી અકેલો૦

જશો ના છોડી પ્રભુ નેમનાથ, ટળવળતો કરી સાથ—જશો૦
આઠ ભવોની પ્રીતિ તમારી, નવમે ગઢ ગિરનાર,
રોતી રાખ્યો રાજુલ નારી, આંસુ ચુએ ચોધાર—જશો૦
અત કૃપા શું આગી કરોછો, પાછું જુવો જીનરાજ,
માત, પિતા, તમ ભ્રાત દુભાવો મહેર કરો મહારાજ—જશો૦
મહેલ બગીચા ગોખ ઝરૂખા, સુંદર સાજ સમાજ.
સમાજ સંગિત એ સૌ ત્યાગી, મોક્ષ ગયા જીનરાજ—જ૦

---

૬૩ શ્રી પાર્શ્વનાથ.

રાગ—બિહાગની લાવણી.

શ્રી પાર્શ્વનાથ લઇ એક વીનંતી મારી!

ટાળી સર્વે મુજ દોષ મતિ દો સારો.
અકળિત તુજ લીલા વિશ્વ સકળમાં વ્યાપી,
નિરખી મુખ પાવન થાય સદાએ પાપી.
કંઈ તાર્યા જંત અનંત, નર્ક નીવારી,
નિરખીને સુકૃત સર્વ જાઉં હું વારી.
તુમ સ્તવન સદાયે જે જન હર્ષે ગાશે,
સંગીત મંડળી રોગ રાગ સૌ જાશે.

---

૨૪ શ્રી મહાવીર સ્વામી

રાગ હેરખો.

તારો તારો મહાવીર તરો હવે (૨)-ટેક૦
લખ ચોર્યાસી ફેરા ફરતા, આવ્યો તારી પાસ.
ભવ સિંધુમાં ગોથા ખાઉં નાવ મળે નવ પાસ-તારો૦
ભારી મે અઘઓઘ કીધાં છે થઇ માયા અધ્યાન.
મોહ લોભને કામ ક્રોધમાં, રહી સદાએ લીન-તારો૦
સિમા રહી ના પાપ તણી કાંઇ, કૃપા કરો મહા વીર,
મુક્તિ કેરો માર્ગ બતાવો, કહોએ નામી શીર--તારો૦
સમાજ સંગીત જીન ગુણ ગાતાં, આધી વ્યાધી જાય
સફળ મંત્ર નવકાર ભણેથી, કારજ સરવે થાય-તારો૦

ચોવીસે જીનરાજને પ્રણામ

ગઝલ

પ્રણામ પ્રણામ પ્રણામ રિષભ દેવને પ્રણામ.
અજિત નાથ, કુંથુનાથ આદિને પ્રણામ.
દેવ દેવતાદિ સતી સોળને પ્રણામ.
કેવળ જ્ઞાન ધારી મુની જંતને પ્રણામ.
ચારિત્ર ધારી કાઉસગ્ગ લૈ રહ્યાં.
પ્રણામ લક્ષકોટી નીજ કર્મને દહ્યાં.
એક ધુન ધારો જીનરાજ નામની.
સંગીત મંડળી સ્તવે ભવો ભવે નમી.

સમાપ્ત

ધી "રાઇઝીંગ સ્ટાર" પ્રીન્ટીંગ પ્રેસ સુરત કેળાપીઠ

જાહેર ખબર.

સર્વ જૈની બંધુઓને ખબર આપવામાં આવેછે કે આ ચોપડી શ્રી સુર્ય પુર મધ્યે મહીધરપરાની ગોળશેરીમાં શ્રી જૈન સંગિત મંડળી માંથી અથવા છાપરીયા શેરીમાં કર્તા પાસેથી મળશે. દરા સામટી અથવા સોથી વધુ ખરીદનારને સારૂં કમીશન આપવામાં આવશે.

સુરત, ગોળશેરી } શ્રી જૈન સંગીત મંડળી.